મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫
સ્ક્રીન-૫
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

ખેલ મહાકુંભની ટેબલ ટેનિસ સ્પર્ધામાં જિલ્લાને ચાર ગોલ્ડ મેડલ

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા ગાંધીધામ ખાતે યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈને ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓએ ચાર ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા. સ્પર્ધાના એબવ-૪૫ ડબલ્સ વિભાગમાં બિરેન સોની અને હરેશ રાઠોડ, વિમેન્સ સિંગલ્સમાં દિવ્યા પંડ્યા, એબવ-૬૦ વિમેન્સ સિંગલ્સમાં રમીલાબેન પટેલ અને એબવ-૧૬ વિમેન્સ સિંગલ્સમાં અનોના અગ્રવાલ આ ગોલ્ડ મેડલ જીતવામાં સફળ નીવડ્યાં હતાં.

ઈન્ફોસિટી સ્કૂલ ખાતે સ્પૉર્ટ્સ ડે ઉજવાયો

ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ ખાતે શુક્રવારે સ્પૉર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ રમતોમાં ઉત્સાહથી જોડાયા હતા. ૧૦૦ મીટર દોડ, સંગીત ખુરશી, લંગડી દોડ, બૂક બૅલેન્સ, દોરડા કૂદ, લીંબુ ચમચી, કબડ્ડી, ખો-ખો, ગોળા ફેંક, ફુગ્ગા ફોડ જેવી રમતો આ કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. રમતોના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સહ તથા પ્રમુખ વૈષ્ણવસર ઉપસ્થિત રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમ સ્કૂલનાં પ્રિન્સિપાલ અને અંગ્રેજી માધ્યમ સ્કૂલનાં સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ તેમજ તમામ શૈક્ષણિક સ્ટાફના સહયોગથી સફળ રહ્યો હતો.

જન્મદિને વધામણી

નિકિતા એ શાહ
ઉપ પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રૂપ

મનીષા અલ્પેશ પટેલ
પ્રેસીડેન્ટ, જાયન્ટ્સ ગ્રુપ ઓપ ગાંધીનગર સહેલી
મો. ૯૭૧૨૯ ૩૫૩૦૬

કુમુદબેન કે શાહ

કે આઈ પટેલ
એડવોકેટ
મો. ૯૪૨૭૦ ૦૬૩૭૫

હંસાબેન દવે
ફોન : ૨૩૨૨૫૨૭૫

યાજ્ઞિક પરમાર

સિધ્ધાર્થ ઝાલા

પારસ સોરઠિયા

વિપુલ ગાબુ

શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની રાજ્ય વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૧૯

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં શાળા કક્ષાથી માંડી રાજ્યકક્ષા સુધી નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શાળાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બે વિદ્યાર્થીનીઓ કુ. હિરલ ચૌધરી અને કુ. રાજવી

શાહ પ્રથમ ક્રમે રહેતાં તેઓ રાજ્ય કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પસંદગી પામ્યાં હતાં. બે દિવસ અગાઉ આ સ્પર્ધા મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવી હતી, જેમાં સમગ્ર રાજ્યનાં ૬૬ સ્પર્ધકોએ ભાગલીધો હતો. કુ રાજવી શાહ આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની હતી. તેણે રાજ્યના મંત્રી રમણલાલ વોરા અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે રૂા. ૧૧૫૦૦નું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું હતું. હિરલ ચૌધરીને પણ રૂા. ૧૫૦૦નું ઇનામ પ્રાપ્ત થયું હતું.

સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય દ્વારા શુક્રવારે ધોરણ-૧૨ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આગામી બૉર્ડની પરીક્ષા માટે શુભેચ્છાઓ અર્પણ કરવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી, બી પી કૉલેજ ઑફ ઍડમિનીસ્ટ્રેશનના પ્રો. જયેશ તન્ના, કોમ્પીટીટીવ ઍક્ઝામ ટ્રેનર સતીષ પટેલ, પ્રેરણા સ્કૂલના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા પ્રિન્સિપાલ મનિષ ખત્રી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને શુભેચ્છા રૂપે ઍક્ઝામ કીટ અર્પણ કરવામાં આવી હતી.

રાજ્ય સ્તરની ટૉપ સ્કોરર વન્ડર બ્રેઈન ક્વિઝ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં ૯૬ વિદ્યાર્થીઓ

ટૉપ સ્કોરર વન્ડર બ્રેઈન ક્વિઝ સ્પર્ધાના ફાઈનલ રાઉનિડમાં ૯૬ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધા ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બંને રાજ્યમાં યોજવામાં આવી હતી, તેમાં ૫૫૦ શાળામાંથી ૨.૫ લાખ વિદ્યાર્થીઓનાં નામ નોંધાયાં હતાં. આ સ્પર્ધામાં મહારાષ્ટ્રના ૧.૧૫ લાખ વિદ્યાર્થીઓ જોડાયા હતા, જ્યારે ગુજરાતના ૧.૩૫ લાખ વિદ્યાર્થી. શિક્ષણક્ષેત્રે ખૂબ જ જાણીતી સંસ્થા નવનીત આયોજિત આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યનાં ૧૬ કેન્દ્રોમાંથી શહેર સ્તરના રાઉન્ડમાં બંને શ્રેણીના કુલ ૨૫૦૦ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. રાજ્ય સ્તરની ત્રણ રાઉન્ડની આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યનાં ૨૫ શહેરોની ૨૫૦ શાળાઓના ૧ લાખથી વધુ વિદ્યાથીઓ જોડાયા હતા. નવનીતના ડિરેક્ટર શ્રી હર્ષિત ગાલા જણાવે છે, "આ ક્વિઝ સ્પર્ધાના આયોજનમાં હું વ્યક્તિગત રીતે જોડાયેલો હતો. આ સ્પર્ધામાં વાલીઓ અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈને હું ખૂબ અભિભૂત બન્યો છું તથા નવનીતની ક્વિઝનું તેમના માટે કેટલું મહત્વ છે તે પણ મને સમજાયું."

જ્ઞાનની આ સ્પર્ધાના એક કલાકના સમયગાળા દરમિયાન વિદ્યાથીઓના જ્ઞાનની કસોટી કરાઈ હતી અને તેઓ સતત નિપુણ બનવા પ્રયત્નશીલ હતા. આ સ્પર્ધાને જીવંત માણવાનો લહાવો સાથે આવેલાં વાલીઓએ પણ મેળવ્યો.

રાજ્ય સ્તરની આ સ્પર્ધામાં ભાગ લેનારી દરેક શાળામાંથી બંને શ્રેણીનાં ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓ પસંદ કરાયા હતા. શહેર સ્તરના રાઉન્ડ પહેલા, શાળા સ્તરે બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોના રાઉન્ડ દ્વારા સ્પર્ધકોએ પોતાની ક્ષમતા સિદ્ધ કરી હતી. તમામ સ્પર્ધક વિદ્યાથીઓને શ્રેણી - 1 (ધો. ૫ થી ૭) અને શ્રેણી - 2 (ધો. ૮ અને ૯)માં વિભાજિત કરવામાં આવ્યા હતા. અમદાવાદ અને મુંબઈમાં યોજાનાર ગ્રાન્ડ ફિનાલેમાં દરેક શ્રેણીના ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા બનશે.

નવનીત એજ્યુકેશન લિ.ના જોઇન્ટ મૅનેજિંગ ડિરેક્ટર રાજુ ગાલાએ જણાવ્યું હતું, "નવનીત એટલે વર્ષોથી શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ હોય તેવું આપનાર. અમને વિશ્વાસ હતો કે વિદ્યાર્થીઓ અમારી ક્વિઝ સ્પર્ધામાં સંકળાશે. આ ક્વિઝ ચેલેન્જના તમામ પ્રશ્નો અમારા શિક્ષણ નિષ્ણાતોની ખંતપૂર્વકની મહેનત થકી બનાવાયા હતા. વિદ્યાર્થીઓના અદભુત પ્રતિસાદથી અમે અત્યંત પ્રસન્નતાપૂર્વક ગૌરવાંન્વિત થયા છીએ અને તેઓ અમારી સ્મૃતિમાં સાક્ષીરૂપ બન્યા છે. નવનીત એજ્યુકેશન લિ.ના સહયોગથીજીહજી પોતાના આવા પ્રયાસ ચાલુ રાખશે." આ ક્વિઝના પ્રશ્નો ભારતીય ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, રમત-ગમત, વર્તમાન પ્રવાહો જેવા વિવિધ વિષયોમાંથી લેવાયા હતા. આ ક્વિઝ ચેલેન્જને કાળજીપૂર્વક ત્રણ રાઉન્ડ સ્તરમાં વિભાજિત કરવામાં આવી છે અને તે આગળ જતાં શાળા સ્તર, શહેર સ્તર અને છેવટે ગ્રાન્ડ ફિનાલે દ્વારા માર્ચ મહિનામાં યોજાશે.

આજે ગાયત્રી મંદિરે નટુભાઈ પટેલનું પ્રવચન

ગાંધીનગર, તા. ૧૯

વરેણ્યમ ગાંધીનગર આયોજિત પ્રવચન શૃંખલાના તૃતીય મણકામાં તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સાંજે સાડા પાંચ કલાકે ગાયત્રી મંદિર, ગાંધીનગર ખાતે અમેરિકા સ્થિત હૉલિસ્ટીક હીલર નટુભાઈ પટેલ પ્રવચન આપશે. રસ ધરાવનાર ભાવિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવાયું છે.

શ્રી જીરાઉલા પ્રતિષ્ઠા પ્રભાવક મહાકુંભ યાત્રા રવિવારે ગાંધીનગર પધારશે

ગાંધીનગરવાસીઓનું એ સદ્‌ભાગ્ય છે કે આ મહાકુંભ સૌપ્રથમ ગાંધીનગર શહેરમાં આવી રહ્યો છે અને પછી અન્ય શહેરોમાં જશે

ગાંધીનગરમાં વસતા સમસ્ત જૈન સમાજ માટે રવિવાર, તા. ૨૧ ફેબ્રુઆરીનો દિવસ યાદગાર ને ધન્ય દિવસ બની રહેવાનો છે. શ્રી જીરાવાલા દશમ મંડલ આયોજિત શ્રી જીરાઉલા પ્રતિષ્ઠા પ્રભાવક મહાકુંભ યાત્રાનું પ્રયાણ થયા બાદ આ મહાકુંભ પ્રથમવાર કોઈ નગરમાં આગમન કરશે અને તે નગર બનવાનું સૌભાગ્ય ગાંધીનગરને સાંપડ્યું છે.

શ્રી જીરાઉલા પાર્શ્વનાથ પ્રભુ ૨૦૭૩ના મહાસુદ ૧૪, તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ રાજસ્થાનના જીરાઉલા તીર્થમાં ગાદીનશીન થઈ રહ્યા છે. આ પ્રતિષ્ઠા માટે મહાકુંભ અમદાવાદ ખાતે તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ૨૫૦થી વધુ આચાર્ય ભગવંતોના સુરિમંત્રિત વાસક્ષેપ છે. આ મહાકુંભ એક વર્ષ માટે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા દેશવિદેશમાં એક વર્ષ દરમ્યાન ફરશે ને ભક્તોને દર્શનનો લાભ આપશે.

૪૦ ફૂટ લાંબા અને ૧૪ ફૂટ પહોળા દેદિપ્યમાન જહાજમાં આ મહાકુંભ રાખવામાં આવ્યો છે, જે પૃથ્વી પર ફરી પ્રતિષ્ઠા ટાણે જીરાઉલા પહોંચશે. ગાંધીનગરવાસીઓનું એ સદ્‌ભાગ્ય છે કે આ મહાકુંભ સૌપ્રથમ ગાંધીનગર શહેરમાં આવી રહ્યો છે અને પછી અન્ય શહેરોમાં જશે.

ન માત્ર આ મહાકુંભ ગાંધીનગરમાં પધારી રહ્યો છે, પરંતુ પાંચ દિવસ જેટલું રોકાણ પણ કરી રહ્યો છે. રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે આ મહાકુંભ ગાંધીનગરમાં સૅક્ટર-૨૨ના જૈન દહેરાસર ખાતે પધારશે અને તા. ૨૫ ફેબ્રુઆરી સુધી ગાંધીનગરમાં જ રહેશે. આ દરમ્યાન ભાવિક ભક્તો એની પધરામણી પણ પોતાના આંગણે કરાવી શકશે.

મહાકુંભના ભવ્ય સામૈયાની તૈયારી સમસ્ત જૈન સમાજ દ્વારા કરી દેવામાં આવી છે. રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા પંચાયત ભવન પાસે, ચ રોડ ઉપર મહાકુંભનું સામૈયું કરવામાં આવશે. સામૈયા પહેલાં ઉછામણી થશે અને ત્યારબાદ વાજતેગાજતે મહાકુંભના જહાજને સૅક્ટર-૨૨ ખાતે લઈ જવામાં આવશે. અહીં પૂ. ગુરૂ ભગવંતોનાં માંગલિક પ્રવચનો થશે અને ત્યારબાદ આરાધના. કાર્યક્રમ પૂર્ણ થયે ગાંધીનગર નિવાસી ભાનુમતીબેન ચંપકલાલ શાહ પરિવાર, સૅક્ટર-૨ તરફથી સકળ સંઘ તથા અતિથિઓનું સ્વામીવાત્સલ્ય યોજવામાં આવ્યું છે. આ મહાકુંભ યાત્રાને પ્રેરક માર્ગદર્શક પ્રાચીન શ્રુતોદ્ધારક પૂ. હેમચંદ્રસુરીશ્વરજીના શિષ્ય રત્ન વર્ધમાન તપોનિધિ પૂ. કલ્યાણબોધીસુશ્વરીશ્વરજી નિશ્રા પ્રદાન કરશે. ઉપરાંત પૂ. જીતસૂરીશ્વરજી અને પૂ. ઈન્દ્રજીતજી પણ નિશ્રા પ્રદાન કરશે.

જૈન સમાજ ઉપરાંત સૌ ભાવિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આર જી સ્કૂલ ખાતેથી ઊર્જા રક્ષક રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગર અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના ઉપક્રમે શનિવારે શ્રીમતી આર જી પટેલ કન્યા બાલવિદ્યાલય, સૅક્ટર-૨૩ ખાતે બાલ ઊર્જા રક્ષક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાની કુલ ૬૫ શાળાઓએ આ રેલીમાં ભાગ લીધો હતો, જેમાં ૧૬૨૫ બાળકો અને ૬૫ શિક્ષકો જોડાયા હતા.

કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, બીએડ કૉલેજના આચાર્ય, સ્કૂલનાં આચાર્યા સુધાબેન પટેલ, સંસ્થાના સુપરવાઈઝર ગિતેશભાઈ પટેલ, નિસર્ગના ડિરેક્ટર અનિલભાઈ પટેલ તથા અતિથિઓએ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીનું સમાપન ટાઉન હૉલ, સૅક્ટર-૧૭ ખાતે કરવામાં આવ્યું હતું, જ્યાં બાળકોને ભરપૂર નાસ્તો આપી ઊર્જાની બચત કેવી રીતે કરી શકાય તેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.